**ટોચ અગ્રતા**

ક્રમાંકઃમકમ/મ.૧૧/પરચ/૨૦૨૩/૫૩૧૯-૭૦
કમિશનર શાળાઓની કચેરી,
બીજો માળ, વિદ્યા સમિક્ષા કેન્દ્ર,
સેક્ટર-૧૯, ગાંધીનગર
તા. ૧૬/૧૦/૨૦૨૩

પ્રતિ,

- **જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,**

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, **તમામ**

**વિષય-** શાળાઓમાં બાળકોને શારીરિક શિક્ષા અથવા માનસિક ત્રાસ આપવા પર પ્રતિબંધ મૂકવા બાબત

**સંદર્ભઃ-** ૧. માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (શિક્ષણ)નો પત્ર-તા. ૧૧/૧૦/૨૦૨૩
૨. બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯
૩. ગુજરાત RTE નિયમો-૨૦૧૨, શિક્ષણ વિભાગ સચિવાલય ગાંધીનગરનું જાહેરનામા ક્રમાંકઃGH SH4-PRE-૧૨૨૦૧૦-GOI-10/K તા.૧૮/૦૨/૨૦૧૨

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ (૧)ના માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (શિક્ષણ)ના પત્રની સૂચના ધ્યાને લેશો. ભારત સરકાર દ્વારા સંસદમાં "ધી રાઇટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯" **પસાર કરીને તમામ** બાળકોને મૂળભૂત બંધારણીય અધિકાર આપેલ છે. તથા, આર.ટી.ઈ. એક્ટ-૨૦૦૯ અન્વયે ગુજરાત આર.ટી.ઈ રૂલ્સ-**૨૦૧૨ સમગ્ર રાજ્યમાં** અમલમાં છે. આર.ટી.ઈ એક્ટ-**૨૦૦૯ની કલમ-૧૭** ની જોગવાઇ મુજબ કોઇપણ બાળકને શારીરિક શિક્ષા અથવા માનસિક કનડગત કે માનસિક ત્રાસ આપી શકાશે નહિ. આમ છતાં, **રાજ્યની શાળાઓમાં** અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને શારીરિક શિક્ષા તથા માનસિક ત્રાસ આપવા અંગેની ઘટનાઓ અત્રેની કચેરીનાં ધ્યાન પર આવેલ છે અને આ અંગે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (શિક્ષણ)એ સંદર્ભ-૧ અન્વયે ખાસ તકેદારી રાખવા જણાવેલ છે. આવી ઘટના ખૂબ જ દુઃખદ અને નિંદનીય છે જેનાથી બાળકોમાં ભયની માનસિકતા વિકાસ પામે છે અને છેવટે શાળામાં આવવાનો ઉત્સાહ અને આત્મવિશ્વાસ ગુમાવી બેસે છે. આથી આવી ઘટના કોઇ પણ સંજોગોમાં ચલાવી શકાય નહી. વિદ્યાર્થીઓને શાળામાં સલામત અને બાળમૈત્રીપૂર્ણ વાતાવરણ પુરૂ પાડવું એ આપણા સૌની ખાસ જવાબદારી અને ફરજ છે.

આપની કક્ષાએથી ફરી આવી ઘટના ન બને તે માટે આપના તાબા હેઠળ આવતી તમામ સરકારી/ગ્રાન્ટેડ, ખાનગી કે કોઇ પણ પ્રકારની શાળાઓ તથા સંસ્થાઓને પુનઃ જરૂરી સુચનાઓ આપશો અને આવી ઘટના બને તો જવાબદારો સામે તાત્કાલિક નિયમોનુસાર કાર્યવાહી કરી હકીકતલક્ષી અહેવાલ અત્રેની કચેરીએ બિનચૂક રજૂ કરવા આથી જણાવવામાં આવે છે.

**નિયામક**
**શાળાઓની કચેરી** 16/10/2023
**ગુ.રા. ગાંધીનગર**

**બિડાણ:**

1. માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (શિક્ષણ)નો પત્ર-તા. ૧૧/૧૦/૨૦૨૩

- **નકલ સવિનય રવાનાઃ-**

-અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, નવા સચિવાલય., ગાંધીનગર

-અંગત સચિવશ્રી, માન. રાજ્યકક્ષા મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર

-માન. સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), બ્લોક-૫/૭, નવા સચિવાલય, ગાંધીનગર

Scanned with OKEN Scanner

૭૫૦

**પ્રફુલ પાનશેરીયા**

ક્રમાંક : રા.ક.મં./સં.બા./પ્રા.મા. અને પ્રૌ. શિ./ઉ.શિ./VIP- /૨૦૨૨

**રાજ્યકક્ષાના મંત્રી,**
**સંસદીય બાબતો, પ્રાથમિક, માધ્યમિક અને**
**પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ,**
**ગુજરાત સરકાર**
સ્વર્ણિમ સંકુલ-૨, પહેલો માળ,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦

સત્યમેવ જયતે

તારીખ : 11 OCT 2023

તાજેતરમાં સુરત શહેરના, પુણાગામની સાધના નિકેતન સ્કુલમાં જુનિયર કે.જી.માં અભ્યાસ કરતી સાડા ત્રણ વર્ષની દિકરીને શિક્ષિકા દ્વારા ક્રુરતાપૂર્વક માર મારવાની દુઃખદ ઘટના સમાચાર ચેનલોના માધ્યમથી ધ્યાને આવેલ છે. બાળકને દેશના સારા નાગરિક બનાવવા માટે શાળામાં મોકલવામાં આવતાં હોય છે. તેઓના સારા ઘડતરની અપેક્ષા સાથે વાલીઓ તેના વ્હાલસોયા બાળકોને શાળા/શિક્ષકોના ભરોસે મુકતાં હોય છે, ત્યારે આ પ્રકારની ઘટના ખુબ જ દુઃખદ અને નિંદનીય છે. જેનાથી બાળકોમાં ભયની માનસિકતા વિકાસ પામે છે, તેઓ બોલી શકતા નથી અને તેઓ ભાવનાત્મક તેમજ માનસિક રીતે ભાંગી પડે છે અને છેવટે શાળામાં આવવાનો ઉત્સાહ ગુમાવી બેસે છે. શાળામાં બાળકોને આપવામાં આવતી શારીરિક શિક્ષાને કારણે નાની કે મોટી ઈજા થઈ શકે છે અથવા શારીરિક સ્વાસ્થ્યને નુકશાન થઈ શકે છે. જેથી કસુરવાર શિક્ષક તથા સંસ્થા સામે કાયદેસરની કાર્યવાહી કરી, કરેલ કાર્યવાહીનો હકીકતલક્ષી અહેવાલ તાત્કાલિક મારી સમક્ષ રજૂ કરશો.

બાળકોના રક્ષણ માટે તેમને શાળામાં સલામત અને બાળ મૈત્રીપૂર્ણ વાતાવરણ પુરૂં પાડવા અને કોઈપણ પ્રકારની શારીરિક સજા, ભેદભાવ અથવા મૌખિક દુર્વ્યવહાર જેવી ઘટના બનતી અટકાવવા માટે બાળકો સાથે કેવા પ્રકારનો વ્યવહાર કરવો તેની આર.ટી.ઈ. કાયદા હેઠળની માર્ગદર્શિકામાં સંપૂર્ણ વિગતો આપવામાં આવી છે, જેનું સંપૂર્ણપણે પાલન થાય અને ભવિષ્યમાં સદર બાબતનું પુનરાવર્તન ન થાય તે માટે રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓને જરૂરી સુચનાઓ તાત્કાલિક પરિપત્રિત કરશો.

Director Primary/DoSE

(પ્રફુલ પાનશેરીયા)

પ્રતિ,
**સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)**
શિક્ષણ વિભાગ,
બ્લોક નં.૫, સચિવાલય, ગાંધીનગર.

Dir. 12.X.23
J.D. Secondary.
૫૨૫.

11/10

**કાર્યાલય ફોન :** ૦૭૯-૨૩૨ ૫૦૧૯૩, ૨૩૨ ૫૦૧૯૫, **ફેક્સ :** ૨૩૨ ૫૦૧૮૯
**E-mail :** mos-edu@gujarat.gov.in